# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલ પત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ

### પ્રશ્નપત્ર-૧

સમય : સવારે ૯ થી ૧૨ | રવિવાર, ૨ માર્ચ, ૨૦૦૮ | કુલ ગુણ : ૧૦૦

**અભ્યાસક્રમના વચનામૃતઃ** ગ.પ્ર.-૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૪, ૨૭, ૩૭, ૪૪, ૪૭, ૫૦, ૬૦, ૬૭, ૬૮, ૭૧, ૭૬, સારંગપુર-૭, પંચાળા-૩, ૭.

**(વિભાગ-૧ 'વચનામૃત' નવમી આવૃતિના આધારે)**

**પ્ર.૧ નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૧)**

**☞ નોંધ :- ઉપરના જવાબોની સમજૂતી માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

૧. પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ, પરોક્ષના ભક્તોના કીર્તન / શ્લોક અથવા સાખી — ૧ ગુણ
૨. શ્રીજીમહારાજના વચનામૃત અથવા સ્વામીની વાતુના પ્રમાણ — ૧ ગુણ
૩. નંદ પંક્તિનાં કીર્તનો અથવા ગુરુ પરંપરાના કીર્તનો - સાખી અથવા આપણા અન્ય શાસ્ત્રો — ૧ ગુણ
૪. ઉપરના સંદર્ભો વધુ સ્પષ્ટ કરતાં પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધુ. — ૩ ગુણ
૫. પ્રગટ સત્પુરુષના અનુસંધાન સાથે ઉપસંહાર. — ૧ ગુણ

**૧. આત્મનિષ્ઠા આદિક જે ચાર ગુણ તેમને એકબીજાની અપેક્ષા છે. (ગ.પ્ર.૧૯)**

જ. આ સત્સંગને વિષે પોતાના આત્યંતિક કલ્યાણને ઈચ્છતો એવો જે ભક્તજન તેને એકલી આત્મનિષ્ઠાએ કરીને જ પોતાનું આત્યંતિક કલ્યાણરૂપ કાર્ય સરતું નથી તથા એકલી પ્રીતિ જે પ્રેમે સહિત નવ પ્રકારની ભક્તિ કરવી તેણે કરીને પણ તે કાર્ય સરતું નથી તથા એકલો જે વૈરાગ્ય તેણે કરીને પણ તે કાર્ય સરતું નથી તથા એકલો જે સ્વધર્મ તેણે કરીને પણ તે કાર્ય સરતું નથી, તે માટે એ આત્મનિષ્ઠા આદિક જે ચારે ગુણ તે સિદ્ધ કરવા, શા માટે તો એ ચારે ગુણને એકબીજાની અપેક્ષા છે.

**૨. અક્ષરનાં બે સ્વરૂપ (ગ.પ્ર.૨૧)**

જ. એવો જે એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને સર્વે માયાના ભાવથી મુક્ત થઈને, અર્ચિમાર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે; તે અક્ષરનાં બે સ્વરૂપ છે. એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ. અને એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમનારાયણની સેવામાં રહે છે.

**૩. ભગવાન અખંડ નિવાસ કરીને રહે તેવા સંતની સમજણ. (ગ.પ્ર. ૨૭)**

જ. એવા અનંત આશ્ચર્ય છે, તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેનાં કર્યાં જ થાય છે એમ સમજે પણ પ્રગટ પ્રમાણ જે ભગવાન તે વિના બીજો કોઈ એ આશ્ચર્યનો કરનારો છે એમ માને નહિ. અને 'પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થશે તે સર્વ મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે' એમ સમજે. અને વળી પોતે એમ જ સમજતો હોય જે 'ચાયે કોઈ મારી ઉપર ધૂળ નાખો, ચાયે કોઈ ગમે તેવું અપમાન કરો, ચાયે કોઈ હાથીએ બેસાડો, ચાયે કોઈ નાક, કાન કાપીને ગધેડે બેસાડો, તેમાં મારે સમભાવ છે'; તથા જેને રૂપવાન એવી યૌવન સ્ત્રી અથવા કુરૂપવાન સ્ત્રી અથવા વૃદ્ધ સ્ત્રી તેને વિષે તુલ્યભાવ રહે છે તથા સુવર્ણનો ઢગલો હોય તથા પથ્થરનો ઢગલો હોય તે બેયને જે તુલ્ય જાણે છે, એવી જાતના જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે.

**૪. બેડી અને પાંજરાનું દૃષ્ટાંત (પં. ૩)**

જ. તેમ એ ઇંદ્રિયો - અંતઃકરણને પંચવર્તમાનના નિયમરૂપ જે પાંજરું તથા બેડી તેમાં રાખીને ભગવાનની ભક્તિ

કરાવવી પણ એને વિષે ગુણ ન લેવો, શત્રુભાવ જ રાખવો. અને જો એમને ભક્તિમાં ઉપયોગી માનીને હેતુ માને ને એનો ગુણ લે તો ભગવાનનાં દર્શનસ્પર્શનાદિકને વિષે સુખ મનાવતે થકે જો સ્ત્રિયાદિકને વિષે કાંઈક સુખ મનાવી દે તો એનું કર્યું-કરાવ્યું સર્વે વ્યર્થ થઈ જાય.

**૫. સત્પુરુષના ગુણ લખીને એ ગુણ પ્રાપ્ત થવાની રીત લખો. (ગ.પ્ર. ૬૭)**

**જ. સત્પુરુષના ગુણ :**

**૧.** આ લોકમાં પ્રીતિ નથી. **૨.** પરલોક જે ભગવાનનું ધામ તથા ભગવાનની મૂર્તિ તેને વિષે વાસના છે.

**૩.** પોતાના સંગીનું પણ હિત કરે. **૪.** જેટલું કાંઈ જતન કરે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ગયા કેડે સુખ આપે એવું જ કરે. **૫.** દેહના સુખને અર્થે તો કાંઈ ક્રિયા કરે જ નહિ.

**ગુણ પ્રાપ્ત થવાની રીત :**

**૧.** મોટાપુરુષના ગુણ ગ્રહણ કરે. **૨.** પોતાના અવગુણ ગ્રહણ કરીને અનુતાપ કરે. **૩.** એમ અનુતાપ અને પરિતાપ કરે.

**પ્ર.૨ નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો. (કુલ ગુણ : ૧૫)**

☞ **નોંધ : (૧) વચનામૃત અવતરણનો ૨½ ગુણ અને વચનામૃત ક્રમાંકનો ½ ગુણ.**
**(૨) વચનામૃત ક્રમાંક સાથે આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

૧ 'એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ અને તેને દુઃખવતા થકા મનમાં બીએ છીએ અને તેનાં દર્શનને પણ ઈચ્છીએ છીએ. અને તે તો જેમ નાવમાં બેસીને સમુદ્ર તરવાને ઈચ્છે એવા ડાહ્યા છે. તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ચૈતન્યની જ મૂર્તિ થઈને ભગવાનના હજૂરમાં રહે છે. અને જે એવા યથાર્થ ભગવાનના ભક્ત છે. તેનું દર્શન તો ભગવાનના દર્શનતુલ્ય છે અને એના દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે.' **(ગ.પ્ર. ૩૭)** (૨૦)

૨ 'ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે, પણ એ બીજાના દેખ્યામાં આવે નહિ... માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.' **(ગ.પ્ર. ૭૧)** (૨૬)

૩ 'જે કલ્યાણને અર્થે જતન કરે છે ને તેની બુદ્ધિ થોડી છે તો પણ તે કુશાગ્ર બુદ્ધિવાળો છે; અને જે જગત વ્યવહારની કોરે સાવધાન થઈને મંડ્યો છે ને તેની બુદ્ધિ અતિ ઝીણી છે તો પણ તે જાડી બુદ્ધિવાળો છે.' **(ગ.પ્ર. ૫૦)** (૨૪)

૪ 'ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વ શક્તિઓ, ઐશ્વર્ય, પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે, ત્યારે પણ જે એવા મર્મના જાણનારા છે તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય સ્વરૂપ રહ્યું છે તેને સમજે છે, પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી. અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય. અને તેને માયાની નિવૃત્તિ થઈ કહેવાય.' **(પંચાળા : ૭)** (૩૨)

૫ 'તેમ ભગવાનનો નિશ્ચય અને માહાત્મ્યરૂપી જેને ખટાઈ ચડી હોય તેની ચાર અંતઃકરણ ને દશ ઇન્દ્રિયોરૂપ જે ડાઢ્યો તે સર્વે અંબાઈ જાય છે, ત્યારે એ જીવ મનરૂપ પોતાની ડાઢ્યે કરીને વિષયના સંકલ્પરૂપી ચણાને ચાવવાને સમર્થ થતો નથી.' **(ગ.પ્ર. ૨૪)** (૧૩)

**પ્ર.૩ નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષય ઉપર અભ્યાસક્રમના 'વચનામૃત'નો ક્રમાંક નોંધી બે અવતરણો લખો. (કુલ ગુણ : ૪)**

☞ **નોંધ :(૧) વચનામૃત અવતરણની પૂર્તિના ૧½ ગુણ અને વચનામૃત ક્રમાંક - ½ ગુણ.**
**(૨) વચનામૃત ક્રમાંક સાથે આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

**૧. ભગવાનનું માહાત્મ્ય :**

૧. **(ગ.પ્ર. ૧૮)** 'અને જો કોઈ અમારો વાદ લેશો તો તેનું તો જરૂર ભૂંડું થાશે, કાં જે અમારા હૃદયમાં તો નરનારાયણ પ્રગટ વિરાજે છે અને હું તો અનાદિ મુક્ત જ છું પણ કોઈને ઉપદેશે કરીને મુક્ત નથી થયો અને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર તેમને તો હું પકડી લઉં છું; જેમ સિંહ બકરાને પકડે છે તેની પેઠે એ અંતઃકરણને હું પકડું છું.' (૫)

૨. **(ગ.પ્ર. ૪૪)** 'અને જેને એવું સાધુપણું આવ્યું તેને ને પુરુષોત્તમ ભગવાનને કાંઈ છેટું રહેતું નથી. અને બીજું સર્વે થાય પણ એવી સાધુતા આવવી તો ઘણી કઠણ છે અને એવો સાધુ તો હું છું જે 'મારે વર્ણાશ્રમનું લેશમાત્ર માન નથી.' (૨૩)

**૨. મૂર્ખ :**

૧. **(પંચાળા- ૩)** કોઈકમાં મોટી બુદ્ધિ જણાતી હોય ને તે જો પોતાના અવગુણને ન વિચારતો હોય તો તેની વ્યાવહારિક બુદ્ધિ જાણવી અને તે બુદ્ધિ ઉપરથી તો બહુ ચોજાળી જણાય પણ એને બુદ્ધિવાળો ન કહેવાય, તેને તો અતિમૂર્ખ જાણવો ને એની એ બુદ્ધિ પોતાના મોક્ષના કામમાં આવે નહિ. અને થોડીક બુદ્ધિ હોય ને જો પોતામાં અવગુણ હોય તેને જાણીને તેને ટાળ્યોનો ઉપાય કરે તો એની થોડી બુદ્ધિ પણ મોક્ષને ઉપયોગી થાય છે અને એને જ બુદ્ધિવાળો કહીએ. (૩૦)

૨. **(ગ.પ્ર. ૨૦)** 'અને જેમ નેત્રે કરીને અનંત પ્રકારના રૂપના સ્વાદને લે છે તેમજ શ્રોત્ર, ત્વક્, રસના, ઘ્રાણ ઈત્યાદિક સર્વે ઈન્દ્રિયોએ કરીને વિષયસુખને ભોગવે છે ને જાણે છે, પણ પોતે પોતાના સુખને ભોગવતો નથી ને પોતે પોતાના રૂપને જાણતો નથી એ જ સર્વ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે, અને એ જ ઘેલામાં અતિશય ઘેલો છે, અને એ જ મૂર્ખમાં અતિશય મૂર્ખ છે, અને એ જ નીચમાં અતિશય નીચ છે.' (૯)

## (વિભાગઃ ૨ 'સ્વામીની વાતો' ને આધારે)

**અભ્યાસક્રમની વાતોના ક્રમાંકઃ** પ્રકરણ ૩/૧, ૩, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩

**પ્ર.૪ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ : જવાબ આખા વાક્યમાં આપેલ હોવો જોઈએ. નહિ કે શબ્દોમાં. અડધા જવાબના ગુણ આપવા નહીં. પ્રશ્ન સાથે આપેલ અંક પ્રકરણ નંબર અને સ્વામીની વાતોનો નંબર છે.**

૧. મુક્તાનંદ સ્વામીને કેવી રીતે ક્રિયા કરે ત્યારે સુખ થાય ? (૩/૭)

જ. મુક્તાનંદ સ્વામીએ ક્રિયા કરવા માટે હૃદયમાંથી એક વેંત વૃત્તિ બહાર કાઢી હોય તે પાછી એક હાથ પાછી વાળે ત્યારે સુખ થાય.

૨. કઈ ચાર વાત જીવનું જીવન છે ? (૩/૧૭)

જ. મહારાજની ઉપાસના, આજ્ઞા, મોટા એકાંતિક સાધુ સાથે પ્રીતિ ને ચોથું ભગવદી સાથે સુહૃદપણું એ ચાર વાત જીવનું જીવન છે.

૩. ગુણાતીતાનંદ સ્વામીએ ત્રીજું ફૂલ કોને આપ્યું ? (૩/૧૯)

જ. ગુણાતીતાનંદ સ્વામીએ ત્રીજું ફૂલ અચિંત્યાનંદ બ્રહ્મચારીને આપ્યું.

૪. સત્સંગ કોણ જાળવે ? (૩/૨૬)

જ. જેને મહારાજને વિષે ને આ મોટા સંતને વિષે માહાત્મ્ય જ્ઞાને સહિત પ્રીતિ હોય તે જ જાળવે.

૫. માયાના પેચમાં કોણ આવે નહિ ? (૩/૨૭)

જ. જેને ખરેખરું જ્ઞાન થાય તે માયાના પેચમાં આવે નહિ.

**પ્ર.૫ કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધી ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૫)**

૧. દેશકાળાદિક આઠ મહારાજ ને બીજા **અવતારાદિક** ને વિષે સમભાવ કરાવી નાખે. (૩/૧૭)

૨. માયિકભાવ ટાળીને પોતાના આત્માને અક્ષરરૂપ માનીને મારી મૂર્તિનું અખંડ ચિંતવન કરો તો એવા **સત્સંગી** થવાય. (૩/૯)

૩. ગુણાતીતાનંદ સ્વામીએ નિરૂપેલ વચનામૃત : પ્ર.૨૩, **મ.૩૦,** મ.૪૫, અમદાવાદ ૨ અને ૩. (૩/૧૩)
૪. બાવના ચંદનને ઠેકાણે **મનુષ્યદેહ** છે. (૩/૩૦)
૫. ફૂલવાદીને ઠેકાણે **શ્રીકૃષ્ણ** છે. (૩/૫)

**પ્ર.૬ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**૧. ભગવાનને નિરંતર રાજી કરવાનો ઉપાય**

ભગવાનને નિરંતર રાજી રાખવા હોય તેને ભગવાનની આજ્ઞા લોપવી નહિ અને આપણને ભગવાનનું સ્વરૂપ મળ્યું છે તે વિના બીજે સુખ ઇચ્છવું નહિ ને ખરેખરા ભગવાનના સાધુ હોય તેનો સંગ રાખવો, તો તેની ઉપર ભગવાન ને મોટા સાધુ નિરંતર રાજી રહે, એમાં કાંઈ સંશય નથી. (૩/૩૨)

**૨. બ્રહ્મરૂપ થવાનો ઉપાય**

**૧.** આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન, કર્મ, વચને તેનો સંગ કરે છે. તે બ્રહ્મરૂપ થાય છે તે ઉપર વચ.વર.૧૧ (૩/૧૨) **૨.** હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધવો. સત્પુરુષનો વિશ્વાસ આવવો, નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ. (૩/૩૩)

**૩. સ્વામીની વાતોના ઉપદેશમાં સત્પુરુષની પ્રધાનતા :**

**૧.** જેવા મહારાજ છે ને જેવા આ સાધુ છે તેવા જો જણાય તો તેને સમજવાનું ને કરવાનું કાંઈ રહે જ નહિ. (૩/૧૫) **૨.** હૃદયમાં ટાઢું કેમ થાય ? 'જેમ ભગવાન સામું જોઈ રહીએ છીએ તેમ જ્યારે મોટા સાધુ સામું જોઈ રહેશું ત્યારે ટાઢું થાશે. (૩/૨૦) **૩.** આવા સાધુને મૂકીને બીજે સુખ લેવા જાય તે તો પાટુઓ ખાધા જેવું છે. કેમ જે આજ્ઞા-ઉપાસનામાં ભંગ પાડશે ત્યારે આવા સાધુ પાસે નહિ બેસાય. (૩/૨૧) **૪.** તમે એટલી ઘડી આવા સાધુનાં દર્શન ને વાતું મૂકીને શી કમાણી કરી ? (શિવલાલ શેઠને) (૩/૨૨) **૫.** જેને મહારાજને વિષે ને આ મોટા સંતને વિષે માહાત્મ્ય જ્ઞાને સહિત પ્રીતિ હોય તે જ સત્સંગ જાળવે પણ બીજાથી તો સત્સંગ જળવાય નહિ. (૩/૨૬) **૬.** તમારે તો આ પૃથ્વીનું વેજું છે તે શું તો પ્રત્યક્ષ મહારાજને પ્રત્યક્ષ સંત પ્રગટ વિરાજે છે. એવું તમારું મોટું ભાગ્ય છે. (૩/૨૭) **૭.** મહારાજની મૂર્તિ વિના અને સાધુ વિના પ્રકૃતિ પુરુષ સુધી રાખનાં પડીકાં જ છે. (૩/૨૮) **૮.** જેની ઉપર મોટા સાધુ રાજી થયા તેનો જીવ સુખિયો થઈ જાય. (૩/૩૨) **૯.** હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો અને નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ. (૩/૩૩)

**('બ્રહ્મસ્વરૂપ પ્રાગજીભક્ત' વિસ્તૃત જીવનચરિત્ર આઠમી આવૃત્તિ જાન્યુઆરી ૨૦૦૩ના આધારે)**

**નોંધ :(૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથના પાના નંબર દર્શાવે છે.**
**(૨) નીચે આપેલાં પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા તે સિવાયના માન્ય ન ગણવા.**

**પ્ર.૭ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

☞ **નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. અક્ષરબ્રહ્મના પ્રવર્તનમાં વ્યક્ત થતી ભગતજી મહારાજની સાધુતા :**

| | | |
|---|---|---|
| ૧. | પૂર્વભૂમિકા : સ્વામીશ્રીની આજ્ઞા :- તું મારો અનન્ય શિષ્ય છે. તો મારી આજ્ઞા પ્રમાણે સર્વ સત્સંગમાં મૂળ અક્ષરનું સ્વરૂપ પ્રસિદ્ધ કર. | ૮૪ |
| ૨. | આજ્ઞાપાલન : સ્વામીશ્રીની મૂર્તિ બતાવી અક્ષરબ્રહ્મના ઉદ્‌ઘોષની શરૂઆત | ૮૫ |
| ૩. | મારે આપને મેલીને ક્યાંય જવાની ઈચ્છા નથી. પિતાના કારજ પ્રસંગે ઘેર જવાની વાત ટાળતા ભગતજીએ સ્વામીશ્રીને કરેલી વિનંતી | ૮૬ |
| ૪. | પિતાનું કારજ કરી પાછા જૂનાગઢ જતાં ભગતજીને મહુવાના હરિભક્તોએ રોકાઈ જવાની વાત કરી તો ભગતજીએ રોકાવાની ના પાડી. | ૮૭ |

૫. આવો બહુ સ્વામીનો અપરંપાર મહિમા કહે છે તે કોઈ વખત માર પડશે : (ત્રિકમદાસ કોઠારી) ૯૮
૬. તને વિમુખ ન કરું તો હું પવિત્રાનંદ નહિ. ૧૦૪
૭. અક્ષરની વાત કરતાં ભગતજીને કમાશેઠે ધોલ મારી. ૧૧૪
૮. બીજા કોઈને તો દુ:ખ નહિ આવે. માત્ર આ પ્રાગજીને દુ:ખ આવશે. ૧૧૯
૯. અંતર્યામી રીતે લાડવામાં ઝેર હોવાનું જાણતા હોવા છતાં સાધુતાનું લક્ષણ એ છે કે સર્વ અંગીકાર કરવું અને ઝેરના લાડવાનો પ્રસાદ ખાધો. ૧૩૦
૧૦. વિમુખ હોવા છતાં સંપ્રદાયની રીત પ્રમાણે આચાર્ય મહારાજ અને સંતો માટે સીધા-સામાનની તૈયારી કરી રાખી. ૧૩૮
૧૧. મને તમારા સમાગમ વગર ગમતું નથી. વિમુખ કરવામાં મુખ્ય ભાગ ભજવનાર પવિત્રાનંદ સ્વામીને ૧૪૦
૧૨. વિમુખ હોવા છતાં સ્વામી મૂળ અક્ષર છે તેની બીજાઓને ઓળખાણ કરાવતા. ૧૪૬

**૨. ભગતજી મહારાજનું ગુણાતીતાનંદ સ્વામી સાથે અપ્રિતમ જોડાણ :**

૧. સ્વામીશ્રીની અનુવૃત્તિ જાણી લોક, લાજ, દેહસુખ, ઘર, સ્ત્રી આદિનો ત્યાગ કરી સ્વામીશ્રીની પાસે જ રહેવાનો ઠરાવ. ૩૧-૩૨
૨. હરિકૃષ્ણ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા સમયે સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે વાઘા તૈયાર કરી હરિભક્તોને બતાવી રૂા. ૧૦૦૦ની સેવા સ્વામીશ્રીને ચરણે ધરી. ૪૧
૩. ભગતજીએ રૂા. ૬૦,૦૦૦ નો ત્યાગ કરી માગેલા ત્રણ વરદાન. ૪૫
૪. હવેલીના કામમાં જોડાઈ ગયા. ૪૭
૫. બસો પાવડા, પાંચસો ટોપલા ભેગા કરવાની આજ્ઞા અદ્ધર ઝીલી. ૫૦
૬. ગિરનારને બોલાવવા ગયા. ૫૧
૭. સાંખડાવદરના બીડમાં તૃણોત્સવ વખતે વરસાદ થતાં બે ચાદર સાંધી ચોફાળ બનાવી સ્વામીને અંદર બેસાડ્યા. ૫૪,૫૫
૮. છ માસ સુધી સર્વના વતાં કર્યાં, મશાલ ઝાલી અને વાળંદની સર્વે ક્રિયા કરી. ૫૬
૯. ફાળિયું ફાડી મશાલે વીંટીને દીવો કરી અજવાળું કર્યું. ૫૭
૧૦. સ્વામીની ક્રિયા પોતે સંભાળી લીધી, સ્વામીને નિરાંતે કથાવાર્તા કરવાની અનુકૂળતા કરી આપી. ૫૭-૫૮
૧૧. મરેલું કૂતરું ખસેડ્યું. ૫૮,૫૯
૧૨. એંઠવાડની કૂંડીમાં સ્નાન - અડસઠ તીર્થ ૬૦
૧૩. 'ભગવાન ભૂલીને વાસણ શું ઊટકે છે ?' સ્વામીની ટકોરથી વૃત્તિ ભગવાનમાં જોડી દીધી. ૬૪
૧૪. આંબાને પાણી પાયું. ૬૬

**૩. ભગતજી મહારાજ માટે શિષ્યોએ કરેલ સમર્પણ :**

**<u>ત્યાગી શિષ્યોએ કરેલ સમર્પણ</u> :**

**(૧) સ્વામી વિજ્ઞાનદાસજી :**

૧. ગુજરાતથી ગઢડા ખરા વરસાદમાં ચાલીને પાણી ડોળી સાઠ ગાઉ દૂરથી ભગતજીનો સમાગમ કરવા કરેલો દાખડો. ૨૦૧
૨. દેહભાન ભૂલીને ઊઘાડે શરીરે ભગતજીના દર્શને બોરીયાવી સ્ટેશને. ૨૦૭
૩. ભગતજીને વિજ્ઞાનદાસજીની પ્રાર્થના :- આપના વિના રહેવાતું નથી. અમારા પ્રાણ છૂટા પડીને આપનામાં મળી જશે. ૨૨૯
૪. ભગતજીના મહિમાની વાતો કરવાથી ધોળાં પહેર્યાં. ૨૪૧

**(૨) નારાયણચરણદાસ સ્વામી :-**

૧. ભગતજીના સંતોને ધોળા પહેરાવ્યા અને બહાર કાઢ્યા ત્યારે તેઓ પણ તે સંતો સાથે હતા. ૨૪૧-૨૪૨
૨. ભાદ્રોડમાં છાણાં વીણી ચારથી પાંચ મણનો ભાર ઊંચકી લાવતા. ૨૭૧-૨૭૨

**(૩) પુરુષોત્તમદાસ સ્વામી :-**

| | | |
|---|---|---|
| ૧. | કેવળ સાધુતાની મૂર્તિ...... સ્વભાવથી કોઈને અવળું પડે જ નહિ. | ૨૫૬ |
| ૨. | ધ્યાનમાં દોષ દર્શન - ભગતજીને પ્રાર્થના. | ૨૫૬ |
| ૩. | ભગતજી આગળ સારંગપુર-૭ વચ. કંઠસ્થ બોલીને રાજી કર્યા. | ૨૬૦ |

**(૪) મહાપુરુષદાસ સ્વામી :-**

| | | |
|---|---|---|
| ૧. | ભગતજીની આજ્ઞાથી કોઠારી ગોરધનભાઈની માગેલી માફી - ત્યાગીની દીક્ષા - મહાપુરુષદાસ નામ ધારણ કર્યું. | ૧૯૦ |
| ૨. | ભગતજીનો મહિમા વધતાં - મહાપુરુષદાસને ધોળા પહેરાવ્યાં. વિના વિરોધે ધોળા પહેરી લીધાં. | ૨૪૧ |
| ૩. | 'મૂળા ખાય છે તેનો પણ ઓડકાર આવે છે. ભગતજીની વાત આપની આજ્ઞાથી નહિ કરીએ તો પણ આવી જશે.' કોઠારી બેચર ભગત. | ૨૬૧ |

**(૫) યજ્ઞપુરુષદાસ શાસ્ત્રી (શાસ્ત્રીજી મહારાજ)**

| | | |
|---|---|---|
| ૧. | 'તમે જેમ રાજી થાઓ તેમ કરવું છે.' - રામરતનદાસને જોડ આપવાની વાત - ચરણારવિંદના પાડનારા શ્રીજીમહારાજ હું એને આપીશ. - ભગતજી મહારાજ. | ૧૯૭-૧૯૮ |
| ૨. | તલગાજરડા ગામના પટેલ ભગતજીનો ગુણ આવે એવી વાત કરી ભગતજીનો મહિમા સમજાવ્યો. | ૨૭૪-૨૭૫ |
| ૩. | ભગતજીને સાકરની પૂરણપોળી અને દૂધપાક જાતે બનાવી જમાડ્યા. | ૨૮૯-૨૯૦ |
| ૪. | યજ્ઞપુરુષદાસ ઠાકરિયો વીંછી. | ૨૯૭ |
| ૫. | મહેમદાવાદના હરિભક્તોને અમદાવાદ ભગતજીનો સમાગમ કરવા મોકલતા અને પાછા ફરે ત્યારે ભગતજીના લીલાચરિત્રો સાંભળવા તત્પરતા રાખે. | ૩૬૭ |
| ૬. | શ્રીમન્નિર્ગુણમૂર્તયે....... ભગતજીના ગુણાનુવાદના શ્લોકની રચના કરી. | ૩૭૭-૩૭૮ |
| ૭. | 'જ્યાં અપમાન ત્યાં સન્માન' - ભગતજીને જૂનાગઢ આવવાનો આચાર્ય મહારાજનો આજ્ઞાપત્ર. | ૪૫૮ |

**ગૃહસ્થ શિષ્યો :**

| | | |
|---|---|---|
| ૧. | ગિરધરભાઈ : ભગતજીની વાતો સાંભળી ત્યાગાશ્રમનો સ્વીકાર કરી વિજ્ઞાનદાસજી બન્યા. | ૧૬૬ થી ૧૭૦ |
| ૨. | કોઠારી બેચર ભગત : ભગતજીની આજ્ઞાથી કોઠારી ગોવર્ધનભાઈને દંડવત્ કરી માફી માગી - સાધુ મહાપુરુષદાસ થયા. | ૧૯૦ |
| ૩. | પીજના મોતીભાઈએ ભગતજીના સ્વરૂપના ૬૪ પોસ્ટકાર્ડ લખ્યાં. | ૨૪૦ |
| ૪. | વાંસદાના દિવાન હોવા છતાં ઝવેરભાઈ ભગતજીની સેવામાં. | ૩૩૨ |
| ૫. | પીજના જેઠાભાઈએ ડભાણના સાધુઓની મહોબત મૂકી વરતાલના સાધુ તરફ બેઠા | ૩૧૯ |
| ૬. | ભગતજી અમદાવાદ આવ્યા તે દિવસથી જ્યાં સુધી રહે ત્યાં સુધી જેટલા હરિભક્તો અમદાવાદ આવ્યા તે બધાને ઝવેરીલાલ | ૩૭૫ |

**પ્ર.૮ નીચેનામાંથી કોઈપણ બે વિષય પર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. ભગતજીએ માંગેલા વરદાન :**

| | | |
|---|---|---|
| ૧. | ફૂલદોલના સમૈયે આચાર્ય રઘુવીરજી મહારાજ જૂનાગઢમાં. | ૪૪ |
| ૨. | ભગતજીને સભામંડપમાં શોભે તેવી મોટી ચંદની તૈયાર કરવાની સ્વામીશ્રીની આજ્ઞા. | ૪૪ |
| ૩. | 'જેવું સીવવામાં તાન છે, તેવું મહારાજની મૂર્તિમાં હોય તો કાંઈ બાકી ન રહે.' સ્વામીશ્રી. | ૪૫ |
| ૪. | સ્વામીશ્રીએ રાજી થઈ વરદાન માંગવા કહ્યું. | ૪૫ |
| ૫. | ભગતજીએ માંગેલા ત્રણ વરદાન. | ૪૬ |
| ૬. | રાજી થઈ સ્વામીશ્રીએ આપેલા કોલ. | ૪૬-૪૭ |

**૨. જૂનાગઢના સન્માનમાં શાસ્ત્રીજી મહારાજનું બુદ્ધિચાતુર્ય :**

| | | |
|---|---|---|
| ૧. | પૂર્વભૂમિકા : સં. ૧૯૨૧માં વિમુખ | ૪૫૮ થી ૪૬૨ |

૨. આચાર્ય મહારાજની મહોર છાપવાળો પત્ર, જૂનાગઢ પધારવાનો. ૪૫૮ થી ૪૬૨
૩. ઐતિહાસિક પ્રસંગના પ્રેરણાદાતા શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ. ૪૫૮ થી ૪૬૨
૪. જૂનાગઢના કોઠારી દ્વારા અપૂર્વ સન્માનની તૈયારી. ૪૫૮ થી ૪૬૨
૫. ઉતારાની વ્યવસ્થા. ૪૫૮ થી ૪૬૨
૬. ગુરુ ભક્તિનું અજોડ દૃષ્ટાંત. ૪૫૮ થી ૪૬૨

**૩. અમદાવાદમાં ભગતજી મહારાજે કરેલી જ્ઞાનવાર્તા :**

૧. હવે પ્રતીતિ થઈ કે ઉપાસના તો તમે જ દૃઢ કરાવો છો. - અમદાવાદ વિદ્વાન સાધુ કૃષ્ણચરણદાસ શાસ્ત્રી. ૩૬૫
૨. સાધુતા ખોશો તો ઉપચિરવસુની પેઠે ફળ મળશે. ૩૬૮
૩. બ્રહ્મચર્યનો પ્રતાપ અને તેની અનિવાર્યતા ૩૭૦
૪. ભગવાનના ભક્તને દુઃખ જ હોય. ૩૭૧ થી ૩૭૩
૫. વાસનાનાં મૂળ ક્યારે બળે ? ૩૭૩
૬. ભગવાનની સર્વ ક્રિયા પોતાના આશ્રિતના હિત સારુ જ હોય છે. ૩૭૩
૭. શ્વેતધર્મના નિયમની વાત કરી. ૩૭૬
૮. મહારાજની મૂર્તિરૂપી કમાણી. ૩૭૯
૯. મરજીવો થાય ત્યારે આ માર્ગે ચલાય. ૩૮૧
૧૦. અહીં તો એક દિવસમાં દસ જન્મની કસર ટળે છે. ૩૮૩
૧૧. સ્વામિનારાયણનો આશરો કરવાનો ઉપદેશ. ૩૮૪
૧૨. જ્યાં સુધી વિષયમાં પ્રીતિ છે ત્યાં સુધી અનાશ્રય છે. ૩૮૫
૧૩. શ્રાવકને પ્રતીતિ કરાવી. ‘હું પહેલાં શ્રાવક હતો.’ ૩૮૫
૧૪. સત્પુરુષ એટલે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યયુક્ત ભક્તિનો સમન્વય. ૩૮૫
૧૫. હું તો દરજી છું તે બે ટાંકા તોડું છું અને બે ટાંકા સાધું છું. ૩૮૭
૧૬. ભગવદીનો અભાવ આવવા દેવો જ નહિ. ૩૯૨

**૪. ભગતજીને શાસ્ત્રીજી મહારાજ પ્રત્યેનો પક્ષ :**

૧. એ તો મારો કોડીલો લાલ છે. ૧૯૬-૧૯૭
૨. ચરણારવિંદના પાડનારા શ્રીજીમહારાજ હું એને આપીશ. ૧૯૮
૩. ‘ઓત્તારો ભલો થાય, યજ્ઞપુરુષદાસ’ - મહારાજની પ્રસાદીનો મોગરાની કળીનો હાર તથા તુંબડી ભેટ મોકલાવ્યા ત્યારે. ૨૦૭
૪. ‘એ તો કાપ્યું વ્યાજ ચૂકવે એવો છે.’ નડિયાદથી વરતાલ માફી માગવા જતા સંતોએ યજ્ઞપુરુષદાસને સાથે મોકલવા કહ્યું ત્યારે. ૨૩૬
૫. ‘શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ અને પુરાણી કેશવપ્રસાદ એ બે જીવતા જીવ છે.’ સંતો વરતાલ બહાર કાઢ્યા પછી સંત મંડળ મહુવા ગયું ત્યારે. ૨૪૫
૬. ‘લ્યો આવ્યા તો ઠીક થયું. હવે પાંચ રાત રહેજો. આવો જોગ મળવો દુર્લભ છે.’ યજ્ઞપુરુષદાસ અમદાવાદમાં દર્શને આવ્યા ત્યારે. ૩૭૫


❑ ❑ ❑